
# નેતાજીની આઝાદ હિન્દ ફૌજનાં જાસૂસ સરસ્વતી રાજમણિ

ભારતમાં મહિલા જાસૂસોનું કલ્ચર એટલું વિકસ્યું નથી જેટલું પશ્ચિમમાં વિકસ્યું છે. દુનિયાભરમાં જાસૂસી માટે મહિલાઓ વધુ સારી કામગીરી બજાવી શકે છે, જેનાં કારણો અગાઉ આ કોલમમાં આપણે જોઇ ગયાં છીએ. મહિલાઓ દ્વારા જાસૂસી પ્રાચીનકાળથી થતી આવી છે. બીજા વિશ્વયુદ્ધમાં અને ભારતના ત્યારબાદના યુદ્ધમાં ઘણી મહિલા જાસુસોનાં નામ અમર બની ગયાં છે. ઘણાં નામો વ્યુહાત્મક કારણોસર હાલમાં ગુપ્ત રખાયાં હશે તે પણ ભવિષ્યમાં સામે આવશે. હાલમાં આપણી સમક્ષ જે જાણીતાં નામો છે, તેમાં સર્વપ્રથમ સરસ્વતિ રાજમણિ અને નીરા આર્યા છે. તે ઉપરાંત સેહમત ખાન, દુર્ગાવતી દેવી અને અઝીઝ નિસાનાં નામો ઈતિહાસમાં નોંધાઈ ચૂકયાં છે.

વર્ષ 1971માં ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધ ખેલાયું, તેમાં સેહમત ખાને ભારતની તરફેણમાં નોંધપાત્ર જાસૂસી કરી હતી અને ભારતીય સેનાઓને મહત્વની વિગતો પૂરી પાડી હતી. સરસ્વતિ રાજમણિને ભારતના સર્વ પ્રથમ મહિલા જાસૂસ ગણવામાં આવે છે. સુભાષ ચંદ્ર બોઝની ઈન્ડિયન નેશનલ આર્મી (INA) અથવા આઝાદ હિન્દુ ફૌજમાં એમણે મિલિટરી ઈન્ટેલિજન્સ વિંગમાં નોંધપાત્ર જાસૂસી કામગીરી સંભાળી હતી. આઝાદ હિન્દ ફૌજ કોઇ નાની સુની સેના ન હતી. 1943માં તેમાં ચાલીસ હજાર સૈનિકો હતા અને બીજા અઢાર હજાર નાગરિકોએ તેમાં જોડાવા માટે નામ નોંધાવ્યાં હતા. આઝાદ હિન્દ ફૌજનો મકસદ અંગ્રેજો સામે લડીને ભારતને આઝાદી અપાવવાનો હતો. તે પાનની મદદથી ઊભી કરવામાં આવી હતી. દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં તે ઘણી જોરાવર બની હતી. જેમ કે થાઈલેન્ડ, બર્મા, સિંગાપુર વગેરે.

સરસ્વતિ રાજમણિનો જન્મ 11 જાન્યુઆરી 1927ના રોજ બર્મા (હાલનું મ્યાનમાર)ના રંગૂન શહેરમાં થયો હતો. હમણાં થોડા વર્ષો અગાઉ 2018માં તામિલનાડુના ચેન્નઇ ખાતે એમનું 91 વર્ષની વયે નિધન થયું. જ્યારે એ ANIમાં હતાં ત્યારે સૌથી નાની વયનાં જાસૂસ હતાં. એ ખૂબ ધનિક અને મૂળ ભારતીય તામિલ કટુંબનાં સંતાન હતાં. બર્મામાં એમના પિતાની માલિકીની એક સોનાની ખાણ હતી. રંગૂનમાં વસતાં સૌથી ધનાઢ્ય ભારતીયોમાં એ એક હતા. અગાઉ ઘણા ભારતીયો અને ખાસ કરીને તામિળો અને ગુજરાતીઓ બર્મામાં જઇને



વસ્યા હતા, જેઓમાંથી મોટાભાગના હવે સ્વદેશ કે અન્યત્ર જતાં રહ્યા છે. પરંતુ રંગૂનવાલા, માંડલેવાલા, બર્માવાલા જેવી અટકો આજે પણ ધારણ કરી રાખી છે. રાજમણિનું કુટુંબ ભારતની આઝાદી ચળવળનું એક મજબૂત ટેકેદાર હતું અને તે માટે મોટી રકમનો ફાળો પણ વખતોવખત આપતું રહેતુ હતું.

સરસ્વતિ સોળ વર્ષના હતા ત્યારે રંગૂન ખાતે નેતાજી સુભાષચન્દ્ર બોઝની એક સભા યોજાઈ હતી. શ્રી બોઝના ભાષણથી સરસ્વતિ ખૂબ પ્રભાવિત થયાં. એમની પાસે જે આભૂષણો વગેરે હતાં તે આઝાદ હિન્દી ફૌજને દાનમાં આપી દીધાં. આ વાત જાણી ત્યારે નેતાજી સુભાષબાબુને વિચાર આવ્યો કે આ નાદાન વયની કન્યાએ આવેશ અને નાદાનિયતમાં, ચળવળને ગંભીરતાથી સમજ્યા વગર, ઘરેણાં, દાનમાં આપી દીધા હશે, તેથી એ ઝવેરાત પાછુ વાળવા નેતાજી એ સરસ્વતિના ઘરે ગયા, પરંતુ સરસ્વતિએ તે પાછાં લેવાને બદલે આગ્રહ રાખ્યો કે નેતાજી એમાંથી જે નાણાં મળે તે આઝાદ હિન્દ ફૌજ માટે વાપરે. સુભાષ બાબુએ એ કન્યાને સરસ્વતિ નામ આપ્યું અને ત્યાર પછી એ એ નામથી જ ઓળખાયાં. જવાહર લાલ નેહરુએ સુભાષચન્દ્ર બોઝ સામે





**નેતાજી સુભાષબાબુને વિચાર આવ્યો કે આ નાદાન વયની કન્યાએ આવેશ અને નાદાનિયતમાં, ચળવળને ગંભીરતાથી સમજ્યા વગર, ઘરેણાં, દાનમાં આપી દીધા હશે, તેથી એ ઝવેરાત પાછુ વાળવા નેતાજી એ સરસ્વતિના ઘરે ગયા, પરંતુ સરસ્વતિએ તે પાછાં લેવાને બદલે આગ્રહ રાખ્યો કે નેતાજી એમાંથી જે નાણાં મળે તે આઝાદ હિન્દ ફૌજ માટે વાપરે**

કિન્નાખોરી આચરી, એમને ક્યાંય ગાયબ કરાવી દીધા અને પડતાળ જ ન થવા દીધી. તે સામે સુભાષ બાબુ જવાહરલાલ અને મોહનદાસ ગાંધી સામે ખૂબ આદરતાથી પેશ આવ્યા હતા. એમની આઝાદ હિન્દ સેનામાં એક નેહરુ બ્રિગેડ, એક ગાંધી, એક આઝાદ અને એક સુભાષ બ્રિગેડ હતી જેને સુભાષ પોતે ભગત સિંહ બ્રિગેડ તરીકે ઓળખાવતાં હતા. આ ઉપરાંત મહિલાઓની એક સેના રેજીમેન્ટ રચવામાં આવી હતી, જેના વડા પ્રસિદ્ધ કેપ્ટન લક્ષ્મી સ્વામીનાથન હતા જેમનું લગ્ન પૂર્વેનું નામ લક્ષ્મી સેહગલ હતું. આ રેજીમેન્ટને રાણી ઓફ ઝાંસી નામ અપાયુ હતું. વર્ષ 1942માં સરસ્વતિ રાજમણિને રાણી ઓફ ઝાંસી રેજીમેન્ટમાં સામેલ કરાયાં હતી. એ વર્ષોમાં બીજુ વિશ્વયુદ્ધ ચાલી રહ્યું હતું.

કોલકોતા ખાતે બ્રિટિશરોનાં સૈન્ય થાણાં હતાં. એ દિવસોમાં એક વર્કર અથવા કામવાળી બાઈના રૂપમાં થાણામાં પ્રવેશ મેળવવામાં સરસ્વતિ સફળ રહ્યાં હતાં. ત્યાંથી એ ખાનગી બાતમીઓ જાણી લાવીને આઝાદ હિન્દ સેના સુધી પહોંચાડતા હતાં. વર્ષ 1943માં નેતાજી સરહદની ગુપ્ત મુલાકાતે જવાના હતા. આ ગુપ્ત મુલાકાતની બ્રિટિશરોને જાણકારી મળી ગઈ.

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

તેઓએ સુભાષ બાબુ સરહદ પર હોય ત્યારે જ એમની હત્યા કરી નાંખવાનું વળતુ કાવતરૂ ઘડ્યું હતું. સરસ્વતિએ આ બાતમીઓ મેળવી આઝાદ હિન્દ સેનાને તેની જાણ કરી દીધી અને પરિણામે નેતાજી બચી ગયા હતા. નેતાજીને મારી નાખવાના કાવતરાં ઘડાતાં જ રહેતાં હતા અને છેવટે તેમાં કોઇક સફળ પણ થયું છે.

રેજીમેન્ટમાં જોડાયા બાદ સરસ્વતિ અને એમની ટીમ વેશપલટો કરીને બાતમીઓ મેળવતી રહેતી હતી. અમુક સમય સુધી આ કન્યાઓએ ટીનેજર છોકરાના રૂપ ધારણ કરીને બાતમીઓ એકઠી કરી હતી. છોકરાના સ્વાંગમાં સરસ્વતિએ પોતાનું નામ મણિ રાખ્યું હતું. પરંતુ સરસ્વતિની એક કલીગ સહેલીને છોકરાના સ્વાંગમાં બ્રિટિશ સૈનિકોએ પકડી પાડી હતી. એ જાસૂસ મહિલા કલીગને છોડાવવા માટે સરસ્વતિ એક નૃત્યાંગનાનું રૂપ ધારણ કરી બ્રિટિશ છાવણીમાં ઘૂસી ગઇ હતી. ત્યાં એણે ઇન-ચાર્જ બ્રિટિશ અધિકારીઓને અફીણ જેવા નશીલા પદાર્થો પીવડાવી ગાઢી નિદ્રામાં સુવડાવી દીધા હતા અને પોતાની સાથી જાસૂસને મુક્ત કરી ચાલતી પકડી. પરંતુ એ બંને નાસી રહી હતી ત્યારે એક બ્રિટિશ સૈનિકની નજર એ બંને પર પડી. સરસ્વતિના પગમાં ગોળી વાગી છતાં બંને ભાગી છૂટવામાં સફળ થઇ હતી. બીજું વિશ્વયુદ્ધ પુરું થયું અને નેતાજીએ INSનું વિસર્જન કર્યું ત્યાં સુધી સરસ્વતિએ તે કામ કર્યું.

બીજું વિશ્વયુદ્ધ પુરું થયું ત્યારબાદ સરસ્વતિ રાજમણિનું કુટુંબ, સોનાની ખાણ સહિત તમામ સંપત્તિ દાનમાં આપીને ભારત આવી ગયાં. છેક 2005માં એક અખબારમાં અહેવાલ છપાયો કે, સરસ્વતિ હજી હયાત છે અને ચેન્નઈમાં સ્વાતંત્રના લડવીરોને મળતાં પેન્શન પર ગુજારો કરે છે, પણ એમનું ઘર બરાબર ચાલતું નથી. સરસ્વતિએ મદદ આપવા માટે તામિલનાડુ સરકારને અપીલ કરી અને ત્યારના મુખ્યમંત્રી જયલલિતાએ એમને પાંચ લાખ રૂપિયાની મદદ કરી તેમજ હાઉસિંગ બોર્ડનો એક ફ્લેટ વગર ભાડાએ રહેવા આપ્યો.

સરસ્વતિ પાસે આઝાદ હિન્દ ફૌજના રાજચિહ્નનો એક મેડલ અથવા બિલ્લો હતો તે એમણે કટક, ઓડિશા ખાચેના નેતાજી સુભાષ બર્થપ્લેસ નેશનલ મ્યુઝિયમને ભેટ ધરી દીધો છે, જે મ્યુઝિયમમાં રખાયો છે.

નેતાજીનો જન્મ કટક ખાતે થયો હતો. બ્રિટિશ રાજમાં નેતાજીનું બંગાળી કુટુંબ ઓડિશામાં એક ધનવાન કુટુંબ હતું. એમની ફૌજમાં જાપાનીઓ પણ જોડાયાં હતા અને મલેશિયા વગેરેના રબ્બરોનાં ખેતરોમાં મજૂરી કરતી ભારતીય વંશની ટીનેજ કન્યાઓ પણ મોટી સંખ્યામાં જોડાઇ હતી. વર્ષ 2016માં દક્ષિણ ભારતની ઐથિક ચેનલ દ્વારા સરસ્વતિ રાજમણિની જીવનકથા પરથી અદશ્ય નામક ધારાવાહી રજૂ કરવામાં આવી હતી. સરસ્વતિએ પોતાની આત્મકથા પણ તામિળ અને અંગ્રેજીમાં લખી છે જે 'હાર નહિ માનુંગી' શિર્ષકની હિન્દીમાં પ્રસિદ્ધ થઇ છે. 13 જાન્યુઆરી ચેન્નઇ ખાતે એમનું હૃદય બંધ પડી જવાથી અવસાન થયું.

# પ્રેમભરી સુરેખાની આયુષ્યરેખા ભૂંસી નાખી સંતોષે

1993માં પિતા ગુલાબરાવ અને 2003માં માતા ગુમાવ્યાં. સંતોષ પોલે 2003માં લગ્ન પણ કરી લીધા. એ જ વરસે 29 વર્ષનો આ 'ડૉક્ટર' નવી પ્રેક્ટિસ શરૂ કરવાનો હતો.

આ અગાઉ સંતોષે રેનાવલે ગામમાં એક નાનકડી ઓરડીમાં દવાખાનું ખોલ્યું હતું. આ પહેલું દવાખાનું. ખોલ્યાના થોડા મહિનામાં ગ્રામજનોએ ડૉ. સંતોષ પોલ સમક્ષ માગણી કરી કે આપની મેડિકલ ડિગ્રી બતાવો. સાથોસાથ રજીસ્ટ્રેશન નંબર પણ દવાખાનાના બોર્ડ પર લખવાનો આગ્રહ રાખ્યો પરંતુ સંતોષે એમની એકેય માગણી ન સ્વીકારી.

2003માં સંતોષે ઉદાઓલી ગામમાં દવાખાનું શરૂ કર્યું, જે તેણે ત્રણેક વર્ષ સુધી ચલાવ્યું હતું. અહીં કોઈએ એની મેડિકલ ડિગ્રી ન માંગી. ગ્રામજનોએ સારવાર માટે 20 કિલોમીટર દૂર આવેલા વાઈ સુધી લાંબા થવું પડતું હતું. ત્યાં જવા માટે કોઈ પાસે નહોતા પૈસા કે સમય. ઉદાઓલીના રહેવાસીઓને હૈયાધારણ હતી કે જરૂર પડ્યે ગામમાં એક ડૉક્ટર હાજર રહે ખરો. અધૂરામાં પૂરું સંતોષ પોલ નજીવી રકમમાં સારવાર કરતો હતો. માત્ર 15-20 રૂપિયામાં એ ઈંજેક્શન મારી આપતો હતો. ભોળા ગ્રામજનો માટે સંતોષ ડૉક્ટર નહિ, ઈશ્વર સમાન હતો.

અહીંના જ દવાખાનામાં સંતોષ પોલ પાસે સુરેખા ચિકણે નામની દર્દી આવી. 23 વર્ષની સુરેખા ત્રણ બાળકોની માતા હતાં. બન્ને વચ્ચેનો ડૉક્ટર-પેશન્ટનો સંબંધ ઝડપભેર પ્રેમમાં ફેરવાઈ ગયો. આ સમયગાળો સંતોષના લગ્નના મહિનાઓ અગાઉનો હતો. સંતોષને માત્ર સુરેખા સાથે સંબંધ ધરાવવામાં, મજા કરવામાં રસ હતો પરંતુ સુરેખાને તો ડૉક્ટર સાથે લગ્ન કરવા હતા. જેમ જેમ સંતોષ લગ્ન ટાળતો ગયો અને એને સમજાવતો રહ્યો, એમ એમ સુરેખાની લગ્ન માટેની જીદ અને ઉતાવળ વધવા લાગ્યા. સુરેખાએ એક જ રટણ ચાલુ રાખ્યું કે આપણે બન્ને ભાગી જઈએ અને પછી લગ્ન કરી લઈએ. હવે સંતોષ કંટાળવા માંડ્યો આ બધાથી. આ પ્રેમ-સંબંધ હવે તેને ખૂંચવા માંડ્યો. બહુ વિચારીને તેણે એક ઉકેલ શોધી કાઢ્યો.



સંતોષે એકદમ ઈશ્કીયાં મિજાજમાં સુરેખાને આમંત્રણ આપ્યું કે તારી પાસે જેટલાં ઘરેણાં અને રોકડા હોય એ લઈને મારે ઘરે આવી જા, પછી આપણે બન્ને ભાગી જઈશું અને 2003ની 15મી મેના રોજ સુરેખાએ ઘરે કહ્યું કે, ''હું ડૉ. સંતોષ પોલ સાથે આંખનું ચેકઅપ કરાવવા માટે વાઈ જાઉં છું.'' ઘરવાળાએ સાંભળેલા સુરેખાના એ છેલ્લા શબ્દો. પછી એ ફરી ક્યારેય દેખાઈ નહિ ઘરવાળાને કે કોઈને.

થયું શું હતું સુરેખા ચિકણે સાથે? ક્યાં ગાયબ થઈ ગઈ એ? મીઠાં સપનાં અને કિંમતી અલંકારો લઈને સુરેખા દોડી ગઈ સંતોષ પાસે. સંતોષે આ પ્રેમ અને વિશ્વાસના બદલામાં શું આપ્યું? માથામાં રોષભેર લોખંડનો સળિયો ઝીંકી દીધો. પછી જોશભેર ગળું દાબીને સુરેખાના હાથમાંની આયુષ્ય-રેખા ભૂંસી નાખી. સંતોષે ઘરની પાછળના વરંડામાં ખાડો ખોદીને સુરેખાની લાશ દાટી દીધી. સુરેખાએ સાથે લાવેલા 15 તોલાનાં ઘરેણાં તેણે ઝવેરીને ત્યાં જઈને વેચી દીધાં. આ સરળતાથી મળેલી મોટી આવકની એની દાઢ સળકવા માંડી ને મોઢામાંથી લાલચની લાળ ટપકવા માંડી.

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

સુરેખા ચિકણે ઘરે પાછી ન ફરી એટલે એ લાપતા હોવાની પોલીસમાં ફરિયાદ થઈ. સુરેખા સાફ શબ્દોમાં સંતોષ પોલ પાસે જવાનું કહીને ગઈ હતી એટલે પોલીસે એને બોલાવ્યો. આ ભાઈડાનો ગજબનાક વિશ્વાસ અને અંગ્રેજીમાં કરેલી વાતચીતથી પોલીસવાળા

**સુરેખા સાફ શબ્દોમાં સંતોષ પોલ પાસે જવાનું કહીને ગઈ હતી એટલે પોલીસે એને બોલાવ્યો. આ ભાઈડાનો ગજબનાક વિશ્વાસ અને અંગ્રેજીમાં કરેલી વાતચીતથી પોલીસવાળા શંકા કરવાને બદલે એનાથી એટલા પ્રભાવિત થઈ ગયા કે પોલીસ સ્ટેશનમાં ડૉક્ટર સા'બ માટે ફ્રૂટજ્યુસ મંગાવ્યો!**

શંકા કરવાને બદલે એનાથી એટલા પ્રભાવિત થઈ ગયા કે પોલીસ સ્ટેશનમાં ડૉક્ટરસા'બ માટે ફ્રૂટજ્યુસ મંગાવ્યો!

આમ છતાં પોલીસની શંકા સંપૂર્ણપણે ડૉ. સંતોષ પોલ પરથી નાબૂદ ન થઈ પરંતુ આનો ઈલાજ પણ હતો ડૉક્ટરસા'બ પાસે. તેણે લુચ્ચાઈપૂર્વક પોતાના પરનાં શંકાનાં વાદળ વિખેરી નાખવા માટે ઈન્વેસ્ટીગેટિંગ ઓફિસર સામે ભ્રષ્ટાચારના આરોપ કર્યા. જેને લીધે કેસની તપાસ કરનારો પોલીસ ઓફિસર પોતાના બચાવમાં મંડી પડે. આ એક તકલીફનો ઉકેલ આવ્યો, ત્યાં સંતોષ માટે નવી મુશ્કેલી આવી. સુરેખા ચિકણેના પરિવારજનો ડૉ. સંતોષ પટેલ વિરુધ્ધ ખુલ્લેઆમ શંકા વ્યક્ત કરવા માંડ્યા. આરોપ મૂકવા માંડ્યા. વધુ બહાદુરી બતાવીને કાદવમાં ઊંડા ઊતરવાને બદલે તેણે પોતાનું ઉદાઓલીનું દવાખાનું બંધ કરી દીધું અને વતન ઢોમમાં શરૂ કર્યું એટલું જ નહિ, એ રહેવા માટે વાઈ જતો રહ્યો. એ જ વરસે તેણે સીમા નામની યુવતી સાથે લગ્ન કરી લીધા. આ તેણે જાતે પોતાને આપેલું સર્ટિફિકેટ હતું કે જુઓ હું કેટલો સીધો, આબરૂદાર, ચારિત્ર્યવાન અને પારિવારિક વ્યક્તિ છું.

29 વર્ષની ઉંમરે પહેલી હત્યા કરી ચૂકેલા પોલને સંતોષ ન થયો કારણ કે આસાનીથી મળેલી મોટી રકમ દિમાગમાંથી હટતી નહોતી. એમાંય પોલીસ અને કાયદાના પંજામાંથી આસાનીથી બચી ગયો એટલે એનો આત્મવિશ્વાસ વધુ લોહી-તરસ્યો બની ગયો હતો. સંતોષને હવે મહિલા દર્દીમાં રસ વધવા માંડ્યો પરંતુ વધુ ને વધુ મહિલા પોતાના દવાખાના સુધી આવે એ માટે કરવું શું? ઝાઝું વિચાર્યા બાદ એને એક હથિયાર મળી ગયું: ડર, ભય, ફફડાટ. (ક્રમશઃ)

## ઉપરાષ્ટ્રપતિ ઈલેક્શનમાં ભાજપના કરો યા મરોના પ્રયાસો

હમણાં જ પૂર્ણ થયેલી ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી જેટલા જોરદાર પ્રયાસો કોઈ પણ ચૂંટણી લડાઇ ત્યારે થયા નથી. ભાજપે તેને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યો, નિશ્ચિત કર્યુ કે તેમાં વિપક્ષી ઇન્ડિયા બ્લોક તેમજ નાના પક્ષોના સાંસદોનો ટેકો મેળવી શકે. ચૂંટણીના પહેલા અઠવાડિયામાં રાજકીય ગતિવિધિઓ ચરમસીમાએ



પહોંચી ગઇ હતી, સરકારી મેનેજરોએ વ્યક્તિગત રીતે વિપક્ષી સાંસદોને ફોન કરીને તેમને "અંતરાત્માનો અવાજ" સાંભળી મત આપવા માટે સમજાવ્યા હતા. એમ પણ ચૂંટણી ગુપ્ત મતદાન હોવાથી અને કોઈ વ્હીપ ન હોવાથી, દરેક સાંસદ તકનીકી રીતે પોતાની મરજી મુજબ મતદાન કરવા માટે સ્વતંત્ર છે. રાજકીય ક્ષેત્રમાં ગુપ્ત બેઠકો અને ભવ્ય રાત્રિભોજનો ચર્ચાઓથી પસાર થઈ રહ્યા હતાં. આ વ્યૂહરચના ત્રિપાખી હતી. એક, NDA સાંસદોને એક રાખવા. બે, NDA ઉમેદવાર સી પી રાધાકૃષ્ણનને મત આપવા માટે બીજુ જનતા દળ, YSR કોંગ્રેસ પાર્ટી અને ભારતીય રાષ્ટ્ર સમિતિ જેવા ચૂંટણીથી દૂર અને બીનજોડાયેલા પક્ષોના સાંસદોને આકર્ષવા. ત્રીજું, NDA બ્લોકના સાંસદોને પક્ષ માટે નિષ્ઠા બદલવા માટે "મનાવવા" માટે. ભાજપના કરો યા મરોના પ્રયાસોનું કારણ પાછળ તાજેતરમાં સાંસદો માટે કોન્સ્ટિટ્યુશન ક્લબના પ્રમુખની ચૂંટણીમાં તેના ટોચના રણનીતિકારોની હાર હોવાનું જણાય છે.વિડંબના એ છે કે, તે લડાઈ ભાજપ વિરુદ્ધ ભાજપ હતી જેમાં વર્તમાન પ્રમુખ રાજીવ પ્રતાપ રૂડીને લોકસભા સાંસદ સંજીવ બાલિયાન દ્વારા પડકારવામાં આવ્યા હતા, દેખીતી રીતે પાર્ટી હાઇકમાન્ડના ઇશારે જ. બિનસત્તાવાર આદેશ છતાં, ઘણા ભાજપના સાંસદોએ રૂડીના પક્ષમાં મત આપી બાલિયાનને છોડી દીધા હતા. વિપક્ષી સાંસદોએ આમાં મતની સંખ્યા વધારી દીધી હતી, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પણ રૂડીને મત આપવા માટે નીકળી પડ્યા હતા. કહેવાની જરૂર નથી કે, બાલિયાન ભારે માર્જિનથી હારી ગયા, જે પાર્ટીના અધિકારીઓના ગુસ્સાને કારણે ખૂબ જ હતાશ હતા. અલબત્ત, કોન્સ્ટિટ્યુશન ક્લબની ચૂંટણીની તુલના ભારતના ઉપરાષ્ટ્રપતિ માટેની ચૂંટણી સાથે કરી શકાતી નથી. પરંતુ ભાજપના વર્તુળો કહે છે કે બાલિયાનની હારથી ટોચના નેતાઓ એટલા ગભરાઈ ગયા હતા કે તેઓ બદલો લેવા માંગતા હતા. ઉપરાષ્ટ્રપતિ મતદાનના પરિણામો સંતોષકારક રહ્યા હશે કારણ કે NDA ઉમેદવાર સી.પી.રાધાકિશનને અપેક્ષા કરતાં 15 મત વધુ મળ્યા હતા, જે સૂચવે છે કે વિપક્ષી એકતામાં તિરાડ પડી ગઈ છે.

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## મમતા અને ચૂંટણીપંચ વચ્ચે નવાજૂનીનાં એંધાણ

બિહારની મતદાર યાદીઓનાં વિવાદાસ્પદ સુધારા ચૂંટણી પંચે હજુ પૂર્ણ કર્યા નથી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા તેમના રાજ્યમાં આવી જ કવાયત માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. તેમણે ગયા મહિને ચૂંટણીપંચ પર પોતાનો પહેલો પ્રહાર કર્યો હતો અને પ્રતિજ્ઞા લીધી હતી કે તેઓ કોઈપણ મતદારનું નામ મતદાર યાદીમાંથી કમી થવા દેશે નહીં. સરળ શબ્દોમાં કહીએ તો, તેઓ ચૂંટણી પંચને મતદાર યાદીમાં



સુધારો કરવાનું તેનું ફરજિયાત કાર્ય કરવાથી રોકી શકશે નહીં. જો કે, ચૂંટણી પંચને બંગાળમાં એક ગંભીર સમસ્યાનો સામનો કરવો પડી શકે છે જેનો તેમને બિહારમાં સામનો કરવો પડ્યો ન હતો. ચૂંટણી પંચ માટે સુધારા કરનારા બ્લોક લેવલ અધિકારીઓ સામાન્ય રીતે શાળાના શિક્ષકો, આંગણવાડી કાર્યકરો અને અન્ય લોકો હોય છે જે બધા રાજ્ય સરકારના કર્મચારીઓ હોય છે. આ તે જગ્યા છે જ્યાં હિતોનો ટકરાવ આવે છે. બિહાર હાલમાં ભાજપ-જેડી(યુ) એનડીએ સરકાર દ્વારા શાસિત છે. સ્વાભાવિક રીતે, તેણે ચૂંટણી પંચના કામમાં અવરોધ ઊભો કર્યો ન હતો અને મતદાર યાદીમાં રહેલા લોકોના નામ ચકાસવાનું નક્કી કરતી વખતે BLOના કામની દેખરેખ રાખવા માટે પંચને છૂટ આપી હતી. જોકે, પશ્ચિમ બંગાળ બેનર્જીની સત્તાથી ઘેરાયેલું ક્ષેત્ર છે અને તેમણે ચૂંટણી પંચને સ્પષ્ટ કરી દીધું છે કે BLO તેમના આદેશ અને નિયંત્રણ હેઠળ છે.વધુ એક અયોગ્ય ઝઘડો થયો છે. ચૂંટણી પંચે રાજ્યના BLO ને તેના આદેશોનું પાલન કરવા માટે માસિક ચુકવણીમાં વધારો કરવાની ઓફર કરી છે. બેનર્જીએ BLO ને યાદ અપાવવા માટે ડંડો દેખાડી વળતો પ્રહાર કર્યો છે કે મતદાનની તારીખો જાહેર ન થાય ત્યાં સુધી તેઓ તેમની સરકારને જવાબદાર છે. રાજકીય વર્તુળો આ સામસામે કેવી રીતે આગળ વધે છે અને શું પંચ બિહારનાં SIR સાથે બેનર્જીનાં જાગીરમાં પ્રવેશવાની હિંમત કરશે કે નહીં તે જોવાં માટે ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા છે.

**સટ્ટાક** —— **કમલ**

